NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2015

GUJARATI SECOND ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours 100 marks

PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY

1. This question paper consists of 9 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and to present your work neatly.

IEB Copyright © 2015

SECTION A

પ્રશ્ન–૧ નીચેનો ગદ્ય વાંચીને આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.

એક વન હતું. વનમાં એક સાધુ તપ કરતો હતો. તપમાં એનું એવું ચિત્ત હતું કે બહારની દુનિયાનું એને કંઈ જ ભાન નહોતું. એ જોઈ ઇન્દ્રને ડર લાગ્યો કે મારો હરીફ તો નહિ થાય? મારું ઇન્દ્રપદ તો એ નહિ ખૂંચવી લે? મને એ ઉથલાવી તો નહિ પાડે?

એટલે એણે એનું તપ ભંગ કરવાનો વિચાર કર્યો. જંગલમાં એણે નાચગાનની મહેફિલ મંડાવી દીધી. ભાતભાતનાં વાજિંત્રો વાગવા લાગ્યાં, વાઘો ગગડવા લાગ્યાં, અપ્સરાઓ ને કિન્નરીઓ નાચવા ગાવા લાગી, સુગંધી પવન વાવા લાગ્યો, વૃક્ષવેલીઓએ બહુરંગી ફૂલોના વાઘા સજ્યા. ચારે દિશાએ આનંદનો કલરોળ મચી ગયો. તપસ્વીએ એ બધું જોયું, સાંભળ્યું, પણ એના મન ઉપર એની કશી અસર ન થઈ.

ઇન્દ્રે જોયું કે મારું મોટામાં મોટું હથિયાર નકામું ગયું, એટલે એણે એક બીજો ઉપાય યોજ્યો. રાજપુરુષનો વેશ લઈએ તપસ્વીના આશ્રમમાં ગયો, ને એમની સેવામાં લાગી ગયો. ધ્યાનમાંથી જાગીને તપસ્વી જુએ તો એક રાજપુરુષ એકચિત્તે એની સેવા કરી રહ્યો છે.

રાજપુરુષે તપસ્વીના ચરણમાં માથું મૂકી કહ્યું: 'હે દેવ! મારી એક પ્રાર્થના છે.'

તપસ્વીએ કહ્યું : 'શી પ્રાર્થના છે, કહે.'

રાજપુરુષે કહ્યું : 'હું એક થાપણ આપણે ત્યાં સાચવીને મૂકવા ચાહું છું.'

IEB Copyright © 2015

તપસ્વીને હસવું આવ્યું. તેણે કહ્યું: 'થાપણ? આ કાંઈ શાહુકારની દુકાન ભાળી, ભાઈ?'

રાજપુરુષે કહ્યું: 'આપના કરતાં મોટો ને સાચો શાહુકાર બીજો મને ક્યાં મળવાનો, બાપુ? અમે રહ્યા ક્ષત્રિય—અમારું ધન બધું અમારા હથિયારમાં. એ અમારો યશ, ને એ અમારું જીવન!'

'એટલે, તારાં હથિયાર તારે મૂકવાં છે અહીં?'

'હથિયારમાં બીજું કંઈ નથી, માત્ર આ એક તલવાર છે. આ તલવાર મને મારા જીવ કરતાંયે વધારે વહાલી છે. એના પ્રતાપે મેં કેટકેટલા વિજયો મેળવ્યા છે! એ હું ગમે તેને ત્યાં કેમ રાખી શકું?'

રાજપુરુષનો આગ્રહ જોઈ, છેવટે તપસ્વીએ હા પાડી. તપસ્વીના ચરણમાં તલવાર મૂકીને રાજપુરુષ ચાલ્યો ગયો.

તપસ્વીને પહેલાં તો એમ લાગ્યું કે છોને એની તલવાર અહીં રહેતી. એને જોઈશે ત્યારે આવશે અને પાછી લઈ જશે. પણ રાજપુરુષના ગયા પછી, થોડી જ વારમાં એને માલૂમ પડ્યું કે પારકી થાપણ સાચવવાનું કામ અઘરું છે. થાપણ આડીઅવળી ક્યાંક મુકાઈ જાય, ને ખોવાઈ

અઘરાં શબ્દો:

હરીફ = વિરોધી
જતન = સંભાળ
જોખમ = નુકસાન
ગુપચુપ= છાનુંમાનું
વાજિંત્રો = વાજા
પંડની = પોતાની જાતની
ઉથલાવી પાડવું = નીચે પાડવું
શાહુકાર = પ્રામાણિક
કલરોળ = મધુર અવાજનો સમુદાય
વાદ્યો = વાજા
હેઠળ = નીચે

૧.૧ ઈન્દ્રને શેનો ડર લાગ્યો ? શા માટે ? (2)

૧.૨ સાધુના તપનો ભંગ કરવા માટે ઈન્દ્રે શું કર્યું ? (2)

૧.૩ ઈન્દ્રએ બીજો કયો ઉપાય યોજ્યો ? (3)

૧.૪ રાજપુરુષે સાધુને શી પ્રાર્થના કરી ? (2)

૧.૫ તપસ્વીને મનાવવા માટે રાજપુરુષે શું કહ્યું ? (3)

૧.૬ નીચેનાં વાક્યો સાચા છે કે ખોટાં તે જણાવો.

૧.૬.૧ અ. રાજપુરુષનો આગ્રહ જોઇ છેવટે તપસ્વીએ હા પાડી.
૧.૬.૨ બ. રાજપુરુષે તપસ્વીને ઘણા હથિયારો સાચવવા આપ્યા.
૧.૬.૩ ક. પારકી થાપણ સાચવવાનું કામ અઘરું નથી.
૧.૬.૪ ડ. ઈન્દ્રે તપસ્વીનું તપ ભંગ કરવા જુદા જુદા ઉપાયો કર્યા. (8)

[20]

પ્રશ્ન– ૨

૨.૧ નીચે આપેલા શબ્દોના યોગ્ય સમાનાર્થી અર્થ શોધી લખો.

૨.૧.૧	અ. વન	જંગલ	દિવસ	મહેલ	
૨.૧.૨	બ. પવન	મરુત	દવા	યુવાની	
૨.૧.૩	ક. દુનિયા	જાન	જગત	જનની	(3)

૨.૨ નીચે આપેલા શબ્દોના યોગ્ય વિરોધી અર્થ શોધી લખો.

૨.૨.૧	સુગંધ	સુવાસ	સહી	દુર્ગંધ
૨.૨.૨	વિજય	પરાજય	વાત	સવાર
૨.૨.૩	પુરુષ	માનવ	પરણેતર	સ્ત્રી (3)

IEB Copyright © 2015

૨.૩ નીચે આપેલા વાક્યોમાં ક્રિયાપદનું યોગ્ય રૂપ બનાવી લખો.

જેમ કે – ગાંગુલીએ બોલને ફટકો ..... (મારવું)
જવાબ : માર્યો

૨.૩.૧ ઇન્દ્રે એક બીજો ઉપાય ..... (યોજવું)

૨.૩.૨ ચારે દિશાએ આનંદના કલરોળ..... (મચી જવું)

૨.૩.૩ હું એક થાપણ આપણે ત્યાં સાચવીને મૂકવા ..... (ચાહવું)

૨.૩.૪ એ હું ગમે તેને ત્યાં કેમ..... (રાખવું) (4)

૨.૪ નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ શોધીને <u>ખાલી જગ્યા પૂરો.</u>

(એકચિત્તે, થાપણ, તલવાર, હથિયાર)

૨.૪.૧ ઇન્દ્રે જોયું કે મારું મોટામાં મોટું..... . નકામું ગયું.
૨.૪.૨ એક રાજપુરુષ.....એની સેવા કરી રહ્યો છે.
૨.૪.૩ હું એક.....આપણે ત્યાં મૂકવા ચાહું છું.
૨.૪.૪ હથિયારમાં બીજું કંઇ નથી, માત્ર આ એક.....છે. (4)

૨.૫ નીચે આપેલા વાક્યોમાં યોગ્ય <u>વિશેષણ</u> શોધી લખો.

૨.૫.૧ આ તલવાર મને મારા જીવ કરતાંયે વધારે વહાલી છે.

૨.૫.૨ થોડીવારમાં મને માલૂમ પડયું કે પારકી થાપણ સાચવવાનું કામ અઘરું છે.

૨.૫.૩ એક રાજપુરુષ એકચિત્તે એની સેવા કરી રહ્યો છે. (3)

૨.૬ નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે કહો.

ઉ.ત. આપણે દિવાળીમાં મળીશું. જવાબઃ ભવિષ્યકાળ

૨.૬.૧ હે દેવ! મારી એક પ્રાર્થના છે.

૨.૬.૨ એણે એનું તપ ભંગ કરવાનો વિચાર કર્યો.

૨.૬.૩ તપસ્વીને હસવું આવ્યું . (3)

૨.૭ નીચે આપેલ જોડકા યોગ્ય રીતે જોડો.

	અ.	બ.
૨.૭.૧	ઈન્દ્ર	બહારની દુનિયાનુ એને કંઇ જ ભાન નહોતુ
૨.૭.૨	રાજપુરુષ	તપ ભંગ કરવાનો વિચાર કર્યો
૨.૭.૩	તપસ્વી સાધુ	એક ચિત્તે તપસ્વીની સેવા કરવા લાગ્યો
૨.૭.૪	તલવાર	મહેફિલમાં નાચવા ગાવા લાગી
૨.૭.૫	અપ્સરા ને કિન્નરીઓ	થાપણ તરીકે તપસ્વી પાસે મૂકી

(10)
[30]

IEB Copyright © 2015

૨.૮ ચિત્ર વર્ણનઃ નીચે આપેલા ચિત્રને જોઈ પ્રશ્નોના જવાબ લખો.



અ. ચિત્રમાં કેટલા માણસો છે ? તેઓ ક્યાં બેઠાં છે ? (3)

બ. કંડકટર બાળકને શું આપે છે ? (3)

ક. આ ચિત્રમાં કેટલી સ્ત્રીઓ છે અને કેટલા પુરુષો છે ? (3)

ડ. નીચેનું વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો.

આપેલ ચિત્રમાં બેઠેલી દરેક વ્યક્તિ જુવાન લાગે છે. (1)

[10]

60 marks

SECTION B

પ્રશ્ન–૩ નીચે આપેલ પદ્યો પરથી કોઈપણ પાંચ પ્રશ્નોના ઉત્તર લખો.

૩.૧ ખુલ્લું મારુ ઉપવન સદા પંખીડા સર્વને છે;
રે રે તોયે કુદરતી મળી ટેવ બીવા જનોથી
છો બીતા તો, મુજથી પણ સૌ ક્ષેમ તેમાં જ માની.
જો ઊડો તો જરુર ડર છે ક્રૂર કો હસ્તનો હા!

૩.૨ રામ રાખે તેમ રહીએ ઓધવજી,
રામ રાખે તેમ રહીએ.
આપણે ચિઠ્ઠીના ચાકર છઈએ ઓધવજી,
રામ રાખે તેમ રહીએ.
કોઇ દિન રહેવાને બાગ બગીચા,
તો કોઇ દિન જંગલ રહીએ.

૩.૩ બા બેઠીતી રસોઇ કરવા લઇએ પળનો લહાવો;
જટા બનાવી, ભભૂત લગાવી
બચુ બન્યો ત્યાં બાવો...
બમ બમ ભોલા અલખ નિરંજન
હું છું ખાખી બાવો !
ભિક્ષા માટે આવ્યો , મૈયા !
ચપટી આટો લાવો!

૩.૧.૧ 'ખુલ્લું મારું.....સર્વને છે' - આ પંક્તિ શું દર્શાવે છે ? (3)

૩.૧.૨ 'છો બીતાં.....જનોના !'- આ પંક્તિ વિગતથી સમજાવો. (3)

૩.૨,૧ મીરાંબાઇ ઓધવજીને શી સલાહ આપે છે ? (3)

૩.૨.૨ 'રામ રાખે તેમ રહીએ' આ વાત તમારા શબ્દોમાં સમજાવો. (3)

૩.૩.૧ બબુએ શેનો વેશ લીધો ? ક્યારે ? (3)

૩.૩.૨ બબુએ ભિક્ષામાં બા પાસે શું માંગ્યું ? (3)

[3 × 5 = 15]

IEB Copyright © 2015

પ્રશ્ન– ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (કોઇ પણ પાંચ)

૪.૧ રાજાએ ખેડુતને શું ઇનામ આપ્યું ? શા માટે ? (3)

૪.૨ મઠના વડાની દ્રષ્ટિએ કોની ભેટ ચડિયાતી હતી ?
શા માટે ? (3)

૪.૩ બુદ્ધની પ્રતિમાના મુખ પર દેખાયેલા નાખુશીના ભાવ અંગે
મઠના વડા કયા કારણો કલ્પે છે ? (3)

૪.૪ ખલીફા ઉમરે ઝૂંપડીમાં શો દેખાવ જોયો ? (3)

૪.૫ ખલીફા ઉમરે રાજ્યનો ભંડાર ખોલાવી શું કર્યું ? (3)

૪.૬ આ બનાવ પછી ઉમર જમતાં પહેલા લાંબે સાદે શું
પોકારી બોલતાં ? (3)

૪.૭ ખેડૂતના સુંદર જવાબ સાંભળી રાજાએ શું વચન માંગ્યું ? (3)

[3 × 5 = 15]

પ્રશ્ન– ૫. ફિલ્મ રીવ્યુ

"તારે ઝમીન પર" બોલીવુડ ફિલ્મ માટેનો રીવ્યુ તમારા શબ્દોમાં જણાવો.

[10]

40 marks

Total: 100 marks

IEB Copyright © 2015